# ાનો તડાકો*

રચનાર

## કવિ પ્રભાકરચાંદ શામળજી

એ છપાવી પ્રસિદ્ધ કર્યો.

દોહરો.

ખુબ ખારડીએ મરડાયું, આખું હીંદુસ્થાન;
પરમેશ્વરે પાંશરૂ, આપ્યું જીવતદાન. ૧
સૃષ્ટીના સરજણ હર્યા, પોતે પોષણહાર;
દુષણ દુનીયાંનું હરો, ભુષણ તું ભવનાર. ૨


## અમદાવાદ.

ખાડીઆમાં અમરતલાલના મહાદેવમાં હિતેચ્છુ પ્રેસમાં
મહેતા પિતાંબરદાસ ત્રિભોવનદાસે છાપ્યો.

સંવત ૧૯૩૩ — સને ૧૮૭૭

કીમત એક આનો.

...આશ ...

રાવ સાહેબ મ.

અમદાવાદમાં રેલની વખતે અને
ડીઆ વખતે ગરીબ લોકને મદદ
ળ માટે ટીપ કરીને કેટલાએક પૈ
સુધી એ કામમાં એમનું ચીત લાગ્યા રહયું છે
પુરૂષને ધન્ય છે.

## કુંડળીઆ છંદ.

આમરેલી અમર રહો, અમર ગોવરધન;
ભુખ ભાગી છે ભાઠીએ, જગમાં જીવ્યું ધન.
જગમાં જીવ્યું ધન, જીવાડયાં બહુ જન જેણે;
પરમારથનું પુન્ય, કર્યું છે ઝાઝુ તેણે.
કહે કવિ પરભારામ, જામથી રંગનિ રેલી.
પશ્ચિમમાં પુન્યવંત, સેહેર તો એ આમરેલી. ૧

રાજનગરમાં શીઝીઆ, કાવસજી પરમાણ;
દુબળાંને દાણા વળી, આપ્યા જગમાં જાણ.
આપ્યા જગમાં જાણ, ભાણસમ ભાસે કીરતી;
કવીઓ કરે વખાણ, ખાણ કીરતી ઉછરતી.
કહે કવિ પરભારામ દામતો વધશે ઘરમાં;
નામાંકિત એ શેઠ, આજ એ રાજનગરમાં. ૨

## દોહરા.

વીર ક્ષેત્રમાં વાસ છે, નવાબ સાહેબ નામ,
દાણા આપ્યા દેશમાં; પરમારથને કામ.
મુનશી બળવંતરાયજી, દાજીભાઈના પુત્ર,
નાગદાર ન્યાયા નીધી, એહ અમારા મીત્ર.

# अर्पण पत्रिका.

મેહેરબાન રાવબાહાદુર. ગોપીનાથ સદાશીવજી અ મરેલી જીલ્લાના ડીસ્ટ્રીકટ જડજ સાહેબ. આપ સાહેબ પરોપકારી કામ કીધા અને હુનરને ઉતેજન આપનાર તથા સ્વદેશનું ભલું ઇછનાર અને બીજા અનેક સદ ગુણ ભરેલા તેની સુસંબોધ ગાયકવાડ ઇલાકાના સુધારા સંગ ૧ માહેતી મેળવતા આપ સાહેબના વિશે મારા મનને રણ મળી આવેલી છે વળી તેમાં વીશેશ કરીને રાજેશ્રી ગોટાલાલા દતરાગ તરફથી ઉપર પરમાણે મારા સાંભળવાને પુરતું ઉતેજન મળયું તેથી આ દુનીઆના આફત કાળની હકીકત કવીતામાં રચીને અરપણ કરૂં છુ તે કૃપા કરીસ્વીકારશો

### કુંડળીઆ છંદ.

ગુણીજન ગોપી નાથજી સદાશીવના પુત્ર
ચારૂ બે ચોરંજીની શોભીવુ ધર સુત્ર.
શોભીવુ ધરસુત્ર મીત્રતા રાખે મનથી,
પરોપકારી કામ કરેછે પોતે તનથી.
કહે કવી પરભારામ સુણે સહુ ગાયા સજન
ગાયકવાડી રાજમાં દિઠા મે એહ ગુણીજન.

હું. છું. આપનોઆભારી સ્નેહી
પ્રભાશંકર શામળજી.

# પ્રસ્તાવના.

આસની વખતે દુકાળ પડેલા છે કે, સાતો ત્રીલાતરો,સ ડતાળો, અગનોતરોએકાસીઓ,નેવુંઓ તે વખતે લોકઘણા હેરાન થએલાને મોઘવારી ઘણી થએલી, ઘાસ વીના ઢોર દુખ પામેલાં, કોઇ કોઇ ઠેકાણે લુટ થએલી, પણ કીમત વા ળા એકુંત લોકોએ કુવા ગળાવી વાવેતર કરેલાં ને નદી ઓ કીનારે કુવા કરી વાવેતર કરેલાં તેથી કેટલી એક આ બાદી રહેલી. વળી જેના ઘરમાં દાણા હતા તેણે વેચી પઇસા કરાતે સાત પેઠી લગણ ચાલે છે. આ માહાબારં ખરડીયુ આવ્યાથી ઘણાક લોકો હરખડી ગયા. પણ આ હીંદુસ્થાનના યોગ્ય અધીકારીઓ તથા સુધારાવાળાએ એટ લી મદદ કરી કે જે સુમાર. માહારાણીના તરફથી લુંટ ફા ટ હુલરનો બંદોબસ ગરીબો માટે સસતે ભાવે અનાજ મળવામાં ઘણા ખરા રાજાઓએ ઝાડા કાપવાની રજા આ પેલી તે રાજ્યનાં નામ. ગાયકવાડના દીવાન.

માધવરાવ. લુંણાવાડા, રાજપીપળા, ભાવનગર, જા મનગર, વઢવાંણ, પાલીટાણા, દેવગઢ, ખંભાત જુનાઘઢ, ધાંગધરા, ધરપુર, પોતપોની રઇયતને સારી પેઠ મદદ આ પી છે માટે પરમેશ્વર તેમના ઉપર કૃપા કરશે.

# તેત્રીસાનો તડાકો.

---

શેઠ સગાળશા સાધુને શેવ વાણીઓ પાળે વ્રત. એ રાગ

તેત્રીસે તડાકો વગાડયોરે, એડીયાનો જોગ જગાડયોરે.
મહા ફાગણમાં માવઠાં થઈને, ગરભ ગળી ગયો તેહ;
ચૈત્રમાં ચમકીને આવ્યો મૂગ ભગાડયાં જેહ; તેત્રીસે તડા
કો વગાડયોરે—૧

જેઠ બીજે માસ શ્રેષ્ટની વદીએ ચોથે થયો વરસાદ! પૂર્વ
દિશાએ કાશી મધ્યે ગાજ વિજ થયો નાદ! તેત્રીસે. ૨

ત્યાર પછી ઉત્તરમાં ઉતરીયો આવ્યો અમદાવાદ,
અશાડ શુદી પંચમીએ તો પશ્ચિમ મૂકયું બાદ! તેત્રીસે ૩
દક્ષિણમાં દુકાળ હતો પણ ત્યાં વૃષ્ટિ નહીં ખુબ,
મુંબઇમાં મુડદાં બહું દીઠાં પાણી નહી કુવા કુબ. તે.—૪
અશાડ વદીએ અલ્પ થયો આ અવનીની મોઝાર,
શ્રાવણ શુદીએ શ્રવડો નાઠો લોક કરે પોકાર. તેત્રીસે.—૫
શ્રાવણ શુદી સપ્તમીએ તો સ્વાતી ઉગ્યા સુર,
જ્યેથી બિંદુ હેઠે પડે નહી ક્યાંથી આવે પછે પૂર.તે.—૬
વરસાદની સૌ વાટ જુએ છે જોસીને પુછેછે જોસ,
બાવરતીયા તો વગે ન બોલે દેવને મુંકે દોષ. તે.—૭

જોસી હતા તે જોસી થયાને સાચુ પડયું નહી લેશ,
વાવરતીયાતો વાયે ઉડયા ધોળા થયેલા કેશ. તેત્રીસે.—૮
કાજળીયોએ તે કાંઇ કરયું નહી ખજો તે પણ એમ,
બળેવ તો બાળયું કર્ષણ કહો પછી કરીએ કેમ. તે.—૯
સંજોગી નક્ષત્ર કહીએ તેમાં વૃષ્ટી નહી થઇ,
ટાળાના તો ચાળા પાડયા બુગ બધે ગામ ગઇ. તે—૧૦
સવારમાં વાદળ દળ આવે તારા રાતે દેખાય,
ચંદ્રની પુંઠળ કુંડાળુ જોતાં વિજળો ઝીણી થાય. તે.—૧૧
આભથી અંબુ છુટે નહીં ને ધનુષ્ય એંચે ધીર,
લીલા પીળા રંગ દેખાડે તોએ ન વરસે નીર. તે.—૧૨
તેમ થયે વરસાદ ન આવ્યો લોક થયા હેરાન,
ભૂખનુ દુઃખ કહ્યું નથી જાતું ભારે બન્યા બે ભાન.
તેત્રીસે.—૧૩
તેમાં એક આંબા જેવું અશીણીયાનું રૂખ,
એક પેટ ભરે મુશકલથી બે પેટનું બહું દુઃખ. તે.—૧૪
ગરીબનો ગુજારો હવે કેમ કરીને થાય,
બાળકને ખાવા શું આપે પોતે પછી શું ખાય. તે.—૧૫
એકાંતરે જો અન્ન મળે તો તેથી ઓછવ થાય,
ત્યાર પછી તો ચોથે દહાડે ગરીબ લોકો ખાય. ,તે.—૧૬
સગા તણી સંભાળ શું રાખે પોતે પામે કષ્ટ,
મામ મુકી કંઇ કામ કરંતા ઉત્તમ થાતા ભ્રષ્ટ. તે—૧૭

ભાજી પાલા ભાળે નહી મે ભુખે નેણ ભરાય,
એ દુઃખથી દુનીઆમાં બીજું મોટું શું કહેવાય. તે.—૧૮
પોચા જન તો પોપટા ફોલે ખાળવે જાવા મન,
વાંક નથી એ રાંક બિચારાનો ક્યાંથી લાવે અન્ન. તે—૧૯
નિશાસા મુકે નરનારી હવે હરી શું થાય,
ત્રાસ પામી નીવાસ તજીશુ પછી પાડીશું કાય. તે—૨૦
હરણડીઆ હથીઆરાં વાળા ધીરજ કેમ ધરાય,
લરણડીઆ કે ભુખે લોકો ચરણે નહીં ચલાય. તે—૨૧
સોર બકોર સુણી સૌ લોકો ચોરની લાવે બીક,
ધાડ પડી એમ ધાર્જો બોલે ડેરે નહીં પછી ઠીક. તે—૨૨
બીતી ભયંકર બારે બાળે બામની ને ભરથાર,
ભોજન તો ભાવે નહી ભાગ્યે કેમ થશે કિરતાર. તે.—૨૩
અંન વિના અથડાયા પ્રાણી ભુખ ભુંડી કહેવાય,
પશુ તણું શિર પાપજ લીધું એવા થયા અન્યાય. તે.—૨૪
તેવામાં કોઈ માગવા આવે ખાસે થઇ કે પાટો,
ઘરનાં છયાં ઘંટી ચાટે ક્યાંથી આપે અંને આટો. તે.—૨૫
તેમાં પછી વળી ઘાસ વિના તે ઢોરાં તે શું ખાય,
ઝાડનાં પાંદડાં ઓઢી આણીને પશુંનું પોષણ થાય. તે.—૨૬
કરશણ તો સુકાયું સરવે તાપ તણે ભભકાર.
તળાવડાંમાં નીર સુકાયું મોર કરે પોકાર. તે.—૨૭
હિમત જંને હિમત હારી હરખડીયાં છે મન,

શું થાશે દુનિયામાં હવે કેમ આવે પરજન. તે.—૨૮
દાણા વિના જે દુબાળા લોકો પામે દુઃખ અપાર,
ભૂખથી સુખ નથી તન માંહી શો કરીએ વિચાર. તે.—૨૯
ચિત્ત પછી ચોરપનું ચાલે મહેનત કરે ન કોય,
ભુખે મરેલા ભૂતની પેઠે ભટકે ખાનાં જોય. તે.—૩૦
ગાગડામાં વેગે ફરી આવે ખાતું ઉપાડી જાય,
વાસણ વસ્ત્ર પાછું આપે ખાવાનું હોય તો ખાય. તે.—૩૧
સરકારની એ સેહજોરીથી સાહુકારીનાં ચિન,
ભય વિના પ્રીતી નથી થાતી શત્રુ ન થાય દિન. તે.—૩૨
શ્રીમંત તો સુખે નહીં સુવે અદ વચમાં અથડાય,
ધાડ પડી એમ ચોખો પેઠે ભોજન ભાવે ન થાય. તે.—૩૩
ભૂગિ ખાણી ભંડાર્યા લાગ્યા ભોંયરાં કીધાં ભાઇ,
બાગીચો જાળીયો બંધ કરીને પાસે ન રાખી પાઇ. તે.—૩૪
ધાડની બીકે ચીંગી પોળો ખડકીઓ ખુબ થાય,
ચોકી પોરા ચો પાસ બેઠા જાપતો બહુ જણાય. તે.—૩૫
ભાગોળે સૌ ભેગા થઇને ઝાંપા કીધા ઝટ,
ફળીયે ફળીયે તેમ કર્યું છે ચોર ન પેસે વટ. તે.—૩૬
લોક બિચારા રાત્તે જાગે દહાડે દુખ ભરેલ,
ધાડ તણી ધાસ્તીમાં પેઠા નહીં જણાય ઠરેલ. તે.—૩૭
રાત પડે રણશીંગાં વાગે આવ શુકનને કાજ,
ચોર તણું ચીત્ત તેથી ચટકે સુણી એ અવાજ. તે.—૩૮

પોલીસના સીપાઈઓ રવે કરે ઘણા પોકાર; જાગીઓ,
જાગીઓ રાતે ચાર પોળે પોળ મોઝાર. તે.—૩૯
પંચ મહાલના પોલીસે તો રાખ્યો બંદોબસ્ત,
ઠામ ઠામ થાણું મુકયું સાચવવા સૌ વસ્ત. તે.—૪૦
સવારમાં સ્વારો ફરતા તાલુકાની માંહ્ય,
સાંજપડે તે પાછા આવે ખબર જોઈને ક્યાંય. તે.—૪૧
સાહેબે બહુ સાપતા રાખી ગરીબ ઉપર મેહેર,
કુવાને તળાવ ખોદાયાં મટવા મોટો કેર. તે.—૪૨
વળી તેમાં વગડાનાં ઝાડ કાપવા દીધાં સરવ,
ભારીઓ વેચીને ભરણ પોષણ કરતા મુકી ગર્વ. તે.—૪૩
આપાનેરે ચાલીને આવ્યું માણસ ચાર હજાર,
નામ તેનું તળાવીયાં તેવું કારમો કીધો બજાર. તે.—૪૪
હળે બમાડી હીમત આપી ખેડવા બીય ખરી,
વીશ રૂપીઆ બળદ માટે આપ્યા હેત ધરી. તે. ૪૫
ત્રીસ રૂપીઆ દાણા માટે પુરાયયા પંચાસ,
એક બીજાની સુંઢજ કીધી તેમાં નહી ક્યાસ. તે. ૪૬
ખાતર નાખી ખેતી કીધી હળે હળીને જાય,
પાણીનાતો પીપીઆ પડીઆ કર્ષણતો સુકાય. તે.—૪૭
ખુટયું પછી ખાવાનું તેમાં ખાંતે તે શું ખાય,
તળાવીઆં તરવરતાં દીઠાં સાહેબે કીધી સહાય. તે.—૪૮
તળાવીયાંએ તમામ ગોડ્યાં કુવા ખોડ્યા કંઇ,

પેટની માટે વેઠ કરંતા દીનતે આધીન થઈ. તે.—૪૯
અંન અપાવ્યું એ લોકોને દુબળા દેખી દીન,
પોષણ કીધું પામર કેરૂં રાખી એક આધીન. તેત્રીસે.—૫૦
સરકારે એ સહાય કરીને ઉગાર્યા બહુજન,
ગરીબનો પોકાર સુણીને આવ્યાં નહીં પરજન. તે.—૫૧
વાડાસીનોરના નવાબ સાહેબે, ધીરજ ધારી ધીર,
કોઠારમાંથી દાણા કાઢ્યા જોરાવર અમીર. તે.—૫૨
પોતાનું જે પ્રગણું કહીએ તેના ગરીબ લોક,
દુબળા જાણી દાણા આપ્યા મટાડ્યા છે શોક. —૫૩
તે ગામના વળી મહાજન મંડળ તેમણે ધાલી હામ,
ભર બજારમાં ભૂખ મટાડી ભારે કીધું કામ. તે.—૫૪
ચણા બફાવ્યા ગરીબ માટે આપ્યા પછી અદ્દશેર,
આશિસ દેતા ઉઠે સરવે થાશે લીલા લેહર. તે.—૫૫
તેમ કદી જો કરે નહી તો લોકો લુંટીખાત,
બાબીએ બંદોબસ્ત કીધો પ્રગણામા પ્રખીઆત. તે.—૫૬
ગણીયતને રંક જાણી રાજાએ હિમત આલી હાલ,
ચકલે ચકલે ચોકી મુકી સાચવવા ધર માલ, તે.—૫૭
આગદાવાદે એમ થયું ને ખેડુને ખંભાત.
બાબીએ બહાદુરી કીધી નામ થયું પ્રખ્યાત. તે.—૫૮
સરકારે સહુકારો પાસે ધરમાદા કરી દીપ,
દુકાન કાઢી દાણા કેરી સસતે ભાવે સમીપ. તે.—૫૯

ગરીબના ગુજારા માટે એવા કરચા ઉપાય,
પાડ પ્રભુ એ માની લેજે પૂરણ કરી કૃપાય. તે.—૬૦
મોઘું અંન મળે ન મળે તે વેપારીનો વાંક,
શ્રીમંત શોધે ઘણા લેવા ક્યાંથી પછી લાવે રાંક. તે.—૬૧
આ દેશમાં અંન વેચયા તણો તો હમણું પડચોછે ચાલ,
અસલના અંન રાખે ઘરમાં સાતમી પોહોચે સાલ. તે.—૬૨
ખબર પડે ત્યારે ખબડધારી આવે સોને આમ,
આજ સુધી જાનીયા જેવા ફરતા મુકી કામ. તે.—૬૩
ઘણા વાળાને દુખ ખરૂં તે ધાડે લીધું જાય,
એવી ભીતી લાગી સોને કોણ રંકને રાય. તે.—૬૪
એ દુખમાં અદકું દુખ મોટું દુષ્ટ ન પામે ત્રાસ,
ઘરાંની ઉપર પથર નાખે જાણે સત્યાનાસ. તે.—૬૫
નેવાં વીંધીને માલણ વીંધી પડીઆ પથર માંઆ,
પાપી એ પાપીને પાપે કારણ પાડી કાંઆ. તે.—૬૬
ભીંતરતો ભડકેથી લાગે ઉપર લાગે આમ,
કોના આગળ કહીએ વાતો કાંઇએ ન સુજે કામ. તે.—૬૭
પશ્ચિમના લોકો કંઇ નાઠા આવ્યા અમદાવાદ,
માળવે જાવા મંન કરે તે તજી તન પ્રમાદ તે.—૬૮
જે જનતો જાત્રાળુ કહીએ તેના ઊંચાં મન,
ત્યાં આગળે વરસાદની તંગી પાંગળો છે પરજન. તે.—૬૯
નાવ તણા ધણીથી હારો સાથે ઓઢી રોય.

દૂર ન આવ્યું પાણી કેઈ સાચું કહે સૌ કોય   તે.—૭૦
સુથારનો સોટ્યા નથી જડતા  કડીઆને  કુંભાર,
લુહાર લોઢું મોંઘુ વેચે બેસી રહ્યા સોનાર.   તે.—૭૧
અન તણા ભાવ અતિશે ચઢીયા તેનો કહું  વરાડ.
કોદરા મીઠા રૂપીઆના મણ શેર અઢાર.   તે.—૭૨
બાજરી તે બહુ મોંઘી થઇ ઘઉ ચાર રૂપીએ મણ.
ચાર રૂપીએ ચોખા ગણાના બાવટો પુણાત્રણ.  તે.—૭૩
મગ મઠ ને વળી તુવેર કેરો એકજ ભાવ ગણાય.
બજારમાંથી બળાતકારે અઢી રૂપીએ આણાય. તે.—૭૪
ચિત્ત હશે તેને નહી વિસરે બીતી ભુખ અપાર,
આ કવિતા છે આગળ માટે સાંભળજો નર નાર. તે.—૭૫
શા કારણથી આવ્યો નહી તે, આ દેશમા વરસાદ;
તે કારણને સાંભળો સરવે, મુકી મનનો વાદ.  તે૦ ૭૬
ધરમ ગયું ધરણીએ ધશીને, પાપ રહ્યું  પથરાઇ,
તે પાપીને પાપે કરીને સૃષ્ટીમાં વૃષ્ટિ ન થઇ. તેત્રીસે. ૭૭
પિત્તા પુત્રોશું જારજ રમીયાં, મોટે મેશ ભરાઇ તે. તે.૭૮
ભાઇ રમે બેન સાથે જારૂ, ચુલે પડી ચતુરાઇ. તે. તે૭૯
શીશ તણી કંઇ સ્યામા સંગે, ગુરૂ રહ્યા લપટાઇ. તે. તે ૮૦
ગુરૂ તણી કંઇ ગોરડીનેતો, શીશ હાથે સાઇ. તે બા. તે. ૮૧
પતિ વ્રતા કોઇ પાપીને દીઠી, ઠાલી કરે ઠકરાઇ. તે૦ તે૦ ૮૨
સંપ નહી નરનારી સંગે, દારા અતી દુખદાઇ. તે૦ તે૦ ૮૩

રૂરશ પીરૂ ખાઈને તે, દુખની ખાણ ગણાઈ. તે૦તે૦૮૪
કન્યા વેચીને અનાથ કીધો, ભુખે મરે જમાઇ. તે૦તે૦૮૫
સાકણસાથું ખાજે ખાધું, ભોજન ખાજે ખાઈ. તે૦તે૦ ૮૬
બ્રાહ્મણ તો વળી ભ્રષ્ટ થયાને, સંધ્યાને નસાઈ. તે૦તે૦ ૮૭
ક્ષત્રિનું શૂરાપણ નાઠું, ગાયની વારે ન થાય. તે૦ તે૦ ૮૮
વૈશ્યે તો વેપાર કરીને, જુઠની કીધી કમાઈ. તે. તે. ૮૯
શુદ્રે તો સેવા નવ કીધી મેંમથી મન મુઝાઈ. તે. તે.૯૦
ઉતમ વરણે આચાર મુકયો, મધ્યમમાં ભભલાઈ. તે. તે.૯૧
ગોચર ભાગ્યાં ગાવ તણાં ને,ખાપા થઈને ખડાઈ. તે.તે.૯૨
દયા ગઈ દુનીઆંથી ખાવી, અતિ વધી અદેખાઇ.તે.તે.૯૩
ઘાત કરે વિશ્વાસે ઘણાજન, જુઠા સૌગન ખાઈ.તે.તે. ૯૪
મંન મલિનમાં લિન થઈને, દીનને દોખે જાઈ.તે.તે. ૯૫
મિત્ર ગુરૂનો દ્રોહ કરીને, લોભમાં રહે લોભાઈ. તે.તે. ૯૬
ન્યાય કરંતાં પક્ષ કરે છે, બાંધે રહ્યા બબમાઈ. તે.તે.૯૭
ભકિત નહી ભગવંતની ભાવે,વાણી વદે વીખરાઇ.તે.તે. ૯૮
પાખંડને તો પૂજે લોકો, સજે નહી પવીત્રાઈ. તે.તે. ૯૯
યત્નનો લોપ થયો આ કળિમાં,પાપની પાખ રોપાઇતે.તે.૧૦૦
બાળકનું તો બાળાપણમાં, લગ્ન કરે દુખદાઈ. તે. તે. ૧૦૧
નિંદા નિરંતર અંતર ધરીને, મન તજે મિત્રાઈ.તે.તે.૧૦૨
પરમારથને પ્રીછે નહીંને, સ્વારથને રહે સાઈ. તે. તે.૧૦૩
તરવર કાપે સરોવર તોડે, લોભમાં રહે લોભાઈ.તે.તે.૧૦૪

એટલાં પાન લખીને પાંતે, એટચમાં જાય ખંવાઇ. તે. તે. ૧૦૫
વિધવાઓના ગર્ભ ગળેથી, પાપનો કુંભ ભરાઇ. તે. તે. ૧૦૬
અદવશો હજી ધરમ તણો છે, પેદ વેદાંત વડાઈ તે. તે. ૧૦૭
તે ધરમીને ધરમે કરીને સૃષ્ટીમાં વૃષ્ટી થઇ. તે. ૧૦૮
ગંગા જમુનાં ને સરસ્વતી, ત્રણે તીર્થ મોક્ષધામ. તે. તે. ૧૦૯
સત્યવાદી કોઇ સંત હશેને, ગાય ગુણી કોઇ ન્યાય. તે. ૧૧૦
કીરતારે કીધા આ પ્રાણી, અન તણો આધાર. કે
એ ચિંતા છે એને સઘળી. કેમ કરશે ઉચ્ચાર. તે. ૧૧૧
જગકરતાએ જય કરવાને મોકલીઓ વરસાદ.
શ્રાવણ વદી અષ્ટમીને તો રાખ્યો સરવે યાદ. તે. તે. ૧૧૨
ત્યાર પછી વળી ભાદરવામાં, ભડ ગાજ્યો ભરપૂર
અરઠમીએ અણચીતવ્યો, ચડાવીને નૂર. તે. તે. ૧૧૩
તે મહીનાની તેરશ ચઊદશ, શ્રષ્ટીમાં વૃસ્ટી થઇ.
કાળનું મોડું ભાગ્યું તેથી સુગાળની ગત થઇ. તે. તે. ૧૧૪
સૃષ્ટીમાં તો વૃષ્ટી થાતાં, દાતાએ કીધું દાન,
પરમેશ્વરે પાંશરૂ કીધું, રાખ્યું હિંદુસ્તાન. તે. ૧૧૫
પાણીમાં પ્રાણી સંતોષ્યા, સુધું થાશે ધાન,
પરમેશ્વરે પાંશરૂ કીધું, રાખ્યું હિંદુસ્થાન. તે. ૧૧૬
અન પાકશું આવતીમાં અડધું, ઘાસ ઘણું નહી રાન. પર. તે. ૧૧૭
ધાર ધરી વેપારીએ ધાને, નામના દે નાદાન. પર. તે. ૧૧૮
જેમ હતું તેમ થઇ ગયુંને, આગાહી અનુમાન. પર. તે. ૧૧૯

વીત્યું હશે તેને નહી વીસરે, ભીતી ભુખ અપાર,
આ કવીતા છે આગળ માટે, સાંભળજો નરનાર. તે.૧૨૦
સુણીને સહુ સીક્ષા માંગો ખાંતે ખેતીકાર.
કુવા કરાવી ખાતર નાંખી, વાવો થાવ અપાર. તે. ૧૨૧
વેપારીને વાત કહું છું, દાણા દાબો દ્વાર.
દાણા હશે તો પાણી મળશે. પામો સુખ અપાર.તે.૧૨૨
નીર નદીનું જાય અલેખે. લેખે લાવે આજ.
પાણી વાળ્યાથી પોષણ થાશે, સુધરશે સહુ કાજ. તે. ૧૨૩
હુંનર કરતાં હીમત આવે, સંપે સુખ પમાય,
સંપથી જંપ થશે દુનીઆમાં સુ કર્મેથી કમાય તે. ૧૨૪
હવે પ્રભૂ તું કરૂણા કરજે દુનીઆનું દુખ હર,
કરજોડી કરે વીનતી કવી પ્રભાશંકર. તે ૧૨૫

समाप्त.

# જાહેર ખબર.

| નામ. | કિમત. |
|---|---|
| તુખમ તાસીર કે સોબત અસર........ | ૦—૮—૦ |
| સ્ત્રી કેળવણી........................ | ૧—૦—૦ |
| કુમારીકા સુબોધ ................ | ૦—૨—૦ |
| છપન ભોગ .................... | ૦—૧—૦ |
| ચોવીસાના ચોમાસાની ચરચા.......... | ૧—૦—૦ |
| ખડાયતાની નાતનો ઇતીહાસ કથા....... | ૧—૦— |
| વીદ્યા લક્ષમીનો સંવાદ.................. | ૦—૧—૦ |

તુળસી વીવાહને અંગ ઉધારનો ઝગડો છપાવાનો છે.

કવિ૰ પ્રભાશંકર શાગળજી સતી.

ઠે૦ અમદાવાદ ચંપોળમાં પાડા પોળમાં.